- ‘ટોટમવાદ’ એટલે શું?
- ભારતની અનેક અનુસૂચિત જનજાતિઓ ટોટેમ(ગોત્ર ચિહ્ન)માં શ્રદ્ધા ધરાવે છે. ગોત્રચિહ્નમાં આસપાસ વણાયેલી વર્તન પ્રણાલીમાંથી ટોટેમવાદ (ગોત્રચિહ્નવાદ) ઉદ્ભવે છે.
- આ એક સામૂહિક ચેતનાનું પ્રતીક છે. ભારતની અનુસૂચિત જનજાતિઓના જીવનમાં ધર્મ કેન્દ્રસ્થાને છે. તેઓ કુદરતી પરિબળો અને ઘટનાઓમાં ઈશ્વરીય શ્રદ્ધા ધરાવે છે. જનજાતિઓ અદશ્ય અને અમાનવીય શક્તિઓમાં છે. ધરાવેછે .
- તેઓ માને છે કે કોઈ અદશ્ય, અમાનવીય દિવ્ય શક્તિ આપવાજીવનને અસર કરે છે. એ માન્યતામાં ‘ટોટેમ’ મુખ્ય છે. ‘ટોટેમ’ સાથે તેઓ અલૌકિક સંબંધ ધરાવે છે. ટોટમની શક્તિઓથી અને ખાસ કરીને પૂર્વજોની શક્તિઓથી તેઓ ખુબ નળા પ્રભાવિત હોય છે. ‘ટોટમવાદ’માં જેતે ગોત્રના સભ્યો કોઈ મૂઢ, અલૌકિક અને પવિત્ર સંબંધ રાખે છે. ‘ટાટમ’ પ્રત્યે સમૂહના સભ્યો આદર, શ્રદ્ધા, ભક્તિ ઉપરાંત ભયની લાગણી ધરાવે છે.

2. વેરિયર એલ્વિન ભારતીય આદિમજાતિની કલામાં કયા બે વાદને દર્શાવે છે? (July 18)

- ડૉ. વેરિયર એલ્વિન ભારતીય આદિમજાતિની કલામાં યથાર્થવાદ અને પ્રતીકવાદને દર્શાવે છે. તેઓ મૂર્તિકલા અને ચિત્રક્લાનો સમાવેશ કરે છે અને તે તેમની દીવાલો, ઓજારો અને આભૂષણોમાં વ્યક્ત થાય છે. આદિમજાતિઓ તહેવારો, ઉત્સવો અને લગ્ન પ્રસંગોએ ઘરની દીવાલો સુશોભિત કરે છે.
- તેમની ચિત્રકલા ભીતચિત્રોમાં વ્યક્ત થાય છે. દા. ત.,ગુજરાતના રાઠવાઓનું પીઠોરાનું ચિત્ર મુરિયા લોકો હાથી, ઘોડા અને માનવીની મૂર્તિઓ પોતાના દેવને અર્પણ કરે છે. સંથાલ લોકો લગ્ન સમયે ડોલીને સુંદર રીતે શણગારે છે.